INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૮-૧૨-૨૦૨૫**

- **૧-૪-૨૦૨૫ થી ૩-૧૨-૨૦૨૫ સુધીના કમોસમી વરસાદથી થયેલા નુકસાનની વિગતો કેન્દ્ર સરકારે સંસદમાં શૂન્ય બતાવી છે, જેથી કેન્દ્રીય સ્તરે વધારાની સહાય મળી શકે તેવી તક પણ ગુમાવી દીધી છે. એનો અર્થ ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા ભારે નુકસાનની વિગતો કેન્દ્ર સરકારને જણાવી નથી કે શું ? : ડૉ. મનિષ દોશી**
- **વર્ષ ૨૦૨૨માં ખેતીની આવક બમણી કરવાની વાતો કરનાર મોદી સરકારમાં ખેતીનો ખર્ચ બમણો થયો અને આવક અડધી થઈ ગઈ છે : ડૉ. મનિષ દોશી**
- **કેન્દ્ર અને રાજ્ય સરકારની આંટીઘૂંટીમાં ગુજરાત ખેડૂતો મૂકાયા મુશ્કેલીમાં : ડૉ. મનિષ દોશી**

૧-૪-૨૦૨૫ થી ૩-૧૨-૨૦૨૫ સુધીના કમોસમી વરસાદથી થયેલા નુકસાનની વિગતો કેન્દ્ર સરકારે સંસદમાં શૂન્ય બતાવી છે, જેથી કેન્દ્રીય સ્તરે વધારાની સહાય મળી શકે તેવી તક પણ ગુમાવી દીધી છે. એનો અર્થ ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા ભારે નુકસાનની વિગતો કેન્દ્ર સરકારને જણાવી નથી કે શું ? સંસદમાં રજુ થયેલા તથા વાસ્તવિક આંકડાઓનાથી ભાજપ સરકારની ખેડૂત, ખેતી અને ગામડા વિરોધી નીતિઓ વધુ એક વખત ખુલ્લી પાડતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભારે કમોસમી બિનહિસાબી વરસાદે ખેડૂતોના તૈયાર પાકો, મગફળી, કપાસ, જીરું, ડાંગર વગેરે નો વ્યાપક નાશ કર્યો છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. દિવાળીના બીજા દિવસે ગુજરાતી નવા વર્ષની શરૂઆત થાય છે અને તે જ સમયે ખેડૂતો ચોમાસુ પાકની કાપણી શરૂ કરે છે, પરંતુ આ વર્ષે સતત વરસાદને કારણે તૈયાર પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. પાક તૈયાર થાય ત્યાં સુધી ખેડૂતોએ મોટા ખર્ચા કર્યા હોય છે, અને કુદરતી આફતથી તેઓ બરબાદ થઈ ગયા છે.

ભાજપ સરકારની નીતિઓને કારણે ખેતીના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, જેનાથી ગુજરાતના ખેડૂતો અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયા છે. વર્ષ ૨૦૨૨માં ખેતીની આવક બમણી કરવાની વાતો કરનાર મોદી સરકારમાં ખેતીનો ખર્ચ બમણો થયો અને આવક અડધી થઈ ગઈ છે. ગુજરાતના ૫૬ લાખ ખેડૂતો પર આશરે ૧.૬૨ લાખ કરોડ જેટલું દેવું છે બીજી બાજુ ભાજપ સરકારના અત્યાચારી નિર્ણયોને કારણે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) વર્ષ ૨૦૨૦ થી બહાર નીકળી ગયા છે. આના કારણે એક પણ ખેડૂતને વીમાનો લાભ મળ્યો નથી અને એક પણ રૂપિયાનું વળતર મળ્યું નથી. સમગ્ર દેશના મોટાભાગના રાજ્યોમાં ખેડૂતોને ફસલ વીમા યોજનાનો લાભ મળે છે, પરંતુ કેન્દ્ર અને રાજ્ય બંનેમાં ભાજપની સરકાર હોવા છતાં ગુજરાતના ખેડૂતોને આ યોજનાથી વંચિત રાખવામાં આવ્યા છે. આ ભાજપ સરકારની સીધી ખેડૂત વિરોધી નીતિ છે. જો પાક વીમા યોજના ચાલુ હોત તો આજે ખેડૂતોને આત્મહત્યા કરવી ન પડી હોત અને તેમને તેમના નુકસાનનું પૂર્ણ વળતર મળી ગયું હોત. આ વરસાદી આફતથી નિરાશ થઈને સૌરાષ્ટ્રમાં ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

રાજ્ય સરકારે જાહેર કરેલું રૂ. ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ નજીવી અને મશ્કરી સમાન છે. તેમાં મર્યાદિત વિસ્તારોને જ આવરી લેવામાં આવ્યા છે, હેક્ટરદીઠ રૂ. ૨૨,૦૦૦ (મહત્તમ ૨ હેક્ટર સુધી)ની સહાય છે, અને અનેક શરતોને કારણે ખેડૂતોને પૂર્ણ ન્યાય નથી મળી રહ્યો. વાસ્તવિક નુકસાનની સરખામણીએ આ રકમ મશ્કરી સમાન છે.

કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જીન સરકાર ખેડૂતોના હિતમાં નિર્ણય કરે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના તાત્કાલિક અમલમાં મૂકવા માટે રાજ્ય સાથે ચર્ચા કરીને તેને પુનઃશરૂ કરવામાં આવે, જેથી આવનારી ઋતુઓમાં ખેડૂતો સુરક્ષિત રહે. આ વખતની કમોસમી વરસાદની આપદાથી પ્રભાવિત ગુજરાતના ખેડૂતોને વધારાનું કેન્દ્રીય સ્તરે પૂર્ણ વળતર અને સહાય પૂરી પાડવામાં આવે, જેથી તેમનું સંપૂર્ણ નુકસાન ભરપાઈ થઈ શકે અને વધુ આત્મહત્યાઓ અટકે. આ મુદ્દો ખેડૂતોના જીવન-મરણનો છે, તેથી તાત્કાલિક હસ્તક્ષેપ જરૂરી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડિયા કન્વીનર અને પ્રવક્તા